॥श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा स्वामीबापा ॥

# સંસ્કારદીપિકા

## ભાગ-૧

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન
શ્રીજી સંકલ્પમૂર્તિ આદ્ય આચાર્યપ્રવર ધર્મધુરંધર
૧૦૦૮ શ્રી મુક્તજીવન સ્વામીબાપા
સુવર્ણજયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ
મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર દ્વિશતાબ્દી મહોત્સવ

સંવત ૨૦૫૮ માગશર વદ એકાદશી

: ટાઈપ સેટીંગ :
મુક્ત ગ્રાફીક્સ, શ્રી સ્વામિનારાયણ મંદિર,
મણિનગર, અમદાવાદ - ૮

: મુદ્રક :

પટેલ પ્રિન્ટીંગ પ્રેસ પ્રા. લિ.,
રાયપુર દરવાજા પાસે, અમદાવાદ - ૧

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) | પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું - પ્રાર્થના | ૫ |
| (૨) | મંગળા આરતી | ૬ |
| (૩) | હવે મારા વ્હાલાનાં દર્શન સારુ | ૭ |
| (૪) | જય સદ્‌ગુરુ સ્વામી-આરતી | ૮ |
| (૫) | જય અબજીબાપા-આરતી | ૮ |
| (૬) | જય સ્વામીબાપા-આરતી | ૯ |
| (૭) | શ્લોકો | ૧૦ |
| (૮) | સંધ્યા આરતી | ૧૧ |
| (૯) | રામ કૃષ્ણ ગોવિંદ - ધૂન | ૧૧ |
| (૧૦) | શ્રી સ્વામિનારાયણ સ્તોત્રમ્ | ૧૩ |
| (૧૧) | નિર્વિકલ્પ ઉત્તમ - પ્રાર્થના | ૧૬ |
| (૧૨) | જમો થાળ જીવન જાઉં વારી - થાળ | ૧૭ |
| (૧૩) | જય ઘનશ્યામ - પ્રાર્થના | ૧૮ |
| (૧૪) | શ્રીજી છો કૃપાળુ - પ્રાર્થના | ૧૯ |
| (૧૫) | છડી | ૨૦ |
| (૧૬) | સત્તાવનનું ટોળું | ૨૨ |
| (૧૭) | પ્રાગટ્યનોંધ | ૨૪ |
| (૧૮) | પ્રશ્નોત્તરી | ૨૭ |
| (૧૯) | નમૂનાનું પ્રશ્નપત્ર | ૪૭ |

॥श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

॥ श्रीजीबापा ॥ ॥ स्वामीबापा ॥

# સંસ્કારદીપિકા

## ભાગ-૧

## *પ્રાર્થના*

### ધ્યાન

### (શાર્દૂલવિક્રીડિત છંદ)

પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું, પ્રેમેથી પાયે લળી,
મસ્તક ભવ્ય વિશાળ ભાલ ઝળકે, કર્ણ ભ્રકુટી ભલી;
ચંચળ છે સુખ દેણ નેણ નાસા, જ્યોતિ કપોળે ઝળે,
મુખડું ને મૂછરેખ અધર જોઈ, દાઢીથી દૃષ્ટિ ઠરે........૧
કંઠે તુલસી દામ વામ સ્કંધે, યજ્ઞોપવીત સાર છે,
છાતી મનહર શ્યામ સ્તનમધ્યે, વિનગુણ રૂડો હાર છે;
બાહુ દંડ પ્રચંડ શ્યામ કોણી, કાંડાં કરે બળ છે,
આંગળિયું ને હથેળી બેઉ રાતી, રેખાઓ સુંદર છે.......૨
જુઓ ઉદર અનુપ રૂપ આપે, નાભિ છે ઊંડી ઘણી,
પહેરી ધોતી શ્યામ શ્યામ કટિએ, ઉજ્જ્વળ સોહામણી;
સાથળ સાર રસાળ જોયા જેવા, વર્તુલ જાનુ ભલા,
જંઘા સરખી સુંવાળી પોંચી પિંડી, ઘૂંટીની દિવ્યકલા.....૩
પાની પાંચા આંગળી દશ જુઓ, રક્ત નખે ઓપતી,
સોળે ચિહ્ન સહિત ચરણકમળની, જોડી ભલી શોભતી;
અંગોઅંગ સળંગ નીરખું સ્વામી, બિરદ તવ ઉર ધરી,
ટાળી સર્વ રિપુ અને દેહભાવો, સુખમાં થીજાડો હરિ....૪

# મંગળા આરતી

*(જય સદ્‌ગુરુ સ્વામી... એ રાગ)*

જય મંગળકારી પ્રભુ, જય મંગળકારી;
જય ઘનશ્યામ દયાળુ; જય જય સુખકારી.....જય.ટેક

મંગળ રૂપ અનુપમ, નખ શિખ મંગળ છે (૨)
સુખડાં દેવા મંગળ, મૂર્તિ મંગળ છે...........જય.૧

મંગળ મુખકમળ જોઈ, સુખમાં થીજું છું (૨)
નાસા નયન ભ્રકુટી, ભાલે રીઝું છું............જય.૨

મંગળ હૃદયકમળ પર, સ્તન મંગળ શોભે (૨)
છાતી ઊપડતી કંઠે, મુનિજન સહુ લોભે.......જય.૩

મંગળ હસ્તકમળમાં, રેખાઓ ન્યારી (૨)
કાંડાં કોણી બાહુ, બળ ભર્યું ભારી.............જય.૪

મંગળ નાભિકમળ પર, ત્રિવળી મંગળ છે (૨)
શ્યામ કટિ પર ધોતી, ઉદર મંગળ છે..........જય.૫

મંગળ ચરણકમળમાં, ચિહ્ન ભલાં સોળ (૨)
ઘૂંટી ફણા ને જંઘા, જાનુ છે ગોળ.............જય.૬

મંગળમય મૂર્તિનું, જે દર્શન કરશે (૨)
દાસાનુદાસ કહે રસબસ, થઈ સુખમાં ઠરશે...જય.૭

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



# હવે મારા વ્હાલાનાં દર્શન સારુ

હવે મારા વ્હાલાનાં દર્શન સારુ,
હરિજન આવે હજારે હજારું.............૧

ઢોલિયે બિરાજે સહજાનંદ સ્વામી,
પૂરણ પુરુષોત્તમ અંતરજામી.............૨

સભા મધ્યે બેઠાં મુનિનાં વૃન્દ,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચન્દ્ર.........૩

દુરગપુરમાં ખેલ રચ્યો અતિ ભારી,
ભેળા રમે સાધુ અને બ્રહ્મચારી...........૪

તાળી પાડે ઊપડતી અતિ સારી,
ધૂન્ય થાય ચૌદ લોક થકી ન્યારી..........૫

પાઘડલીમાં છોગલિયું અતિ શોભે,
જોઈ જોઈ હરિજનનાં મન લોભે..........૬

પધાર્યા વ્હાલો સર્વે તે સુખના રાશિ,
સહજાનંદ સ્વામી અક્ષરધામના વાસી.....૭

ભાંગી મારી જન્મોજન્મની ખામી,
મળ્યા મુને નિષ્કુળાનંદના સ્વામી.........૮

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

## જય સદ્ગુરુ સ્વામી - આરતી

જય સદ્ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્ગુરુ સ્વામી;
સહજાનંદ દયાળુ (૨) બળવંત બહુનામી.......જય.ટેક
ચરણસરોજ તમારા, વંદું કર જોડી (૨)
ચરણે શિશ ધર્યાથી (૨) દુઃખ નાખ્યાં તોડી......જય.૧
નારાયણ નરભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)
પામર પતિત ઉધાર્યા (૨) અગણિત નરનારી....જય.૨
નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી (૨)
અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી......જય.૩
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે (૨)
કાળકર્મથી છૂટી (૨) કુટુંબ સહિત તરશે........જય.૪
આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી (૨)
મુક્તાનંદ કહે મુક્તિ (૨) સુગમ કરી સિદ્ધિ.....જય.૫

## જય અબજીબાપા - આરતી

જય અબજીબાપા, જય અબજીબાપા
ઘરે અમારે આવ્યા (૨) અમને સુખ આપ્યાં....જય.ટેક
માથે બાંધી પાઘ, સિંહાસને બેઠા (૨) બાપા
હરિજનો ને સંતો (૨) સૌ બેઠા હેઠા............જય.૧
હૈડે પહેર્યો હાર, ગજરા બેઉ હાથે (૨) બાપા
અમને આપી પ્રસાદી (૨) હાથ મૂક્યા માથે......જય.૨

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



હરિજન જોડી હાથ, ઊભા સૌ આગે (૨) બાપા
સદાય રાખજો ભેળા (૨) એમ સહુ માગે.......જય.૩
કૃપા કરીને બાપા, બોલ્યા બહુ પ્રીતે (૨) બાપા
સદાય રાખશું ભેળા (૨) ધારજો દૃઢ ચિત્તે.......જય.૪
આત્યંતિક કલ્યાણ કરવા, અવનિ ઉપર આવ્યા (૨) બાપા
અનાદિ મુક્તની સ્થિતિ (૨) સર્વોપરી લાવ્યા....જય.૫
પ્રૌઢ પ્રતાપ જણાવ્યો, પ્રગટ્યા સુખકારી (૨) બાપા
હૃષ્ટપુષ્ટ મૂર્તિ પર (૨) સેવક બલિહારી.........જય.૬

## જય સ્વામીબાપા - આરતી

જય સ્વામીબાપા, (વ્હાલા) જય સ્વામીબાપા
સ્વામિનારાયણ ગાદીના, આદ્ય આચાર્ય બાપા......ટેક.
કેવળ કૃપા કરીને, મૂર્તિમાં લીધા;
પુરુષોત્તમરૂપ કરીને (૨) રસબસ કરી દીધા.....જય.૧
સર્વોપરી સિદ્ધાંતો, જગમાં ફેલાવ્યા;
શ્રીજી સ્વયં બાપાશ્રી (૨) સૌને ઓળખાવ્યા.....જય.૨
દેશવિદેશે વિચરી, મંદિરો સ્થાપ્યાં;
સર્વોપરી મૂર્તિઓ (૨) પધરાવી સુખ આપ્યાં....જય.૩
સ્વામિનારાયણ ગાદીને, મૂર્ત સ્વરૂપ આપી;
ભક્તજનોનાં સંકટ (૨) સૌ નાખ્યાં કાપી.......જય.૪
કર જોડી સહુ વિનવે, જય જય કરનારા;
સદાય રાખજો ભેળા, સદાય રહેજો ભેળા,
પ્રગટ પ્રગટ પ્યારા.......જય.૫

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

# શ્લોકો

આવ્યા અક્ષરધામના આ રાજા, સર્વોપરી શ્રી હરિ,
સહજાનંદ ઘનશ્યામ નામ ધારી, શ્રીજી દયા દિલ ધરી;
જાણી બિરદ નાથ સનાથ કરવા, પૃથ્વી પરે વિચર્યા,
ખમ્મા શ્રીઘનશ્યામ તમોને ખમ્મા, રસબસ અમોને કર્યા.

વિશ્વેશ છો સકળ વિશ્વતણા વિધાતા,
ત્રાતા તમે સકળ મંગળ શાંતિદાતા,
માટે તમારું કરુણાનિધિ સત્ય નામ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ......૧

અજ્ઞાનપાશ કરુણા કરી કાપી નાખો,
નિત્યે પ્રભુ તવ પદે મમ વૃત્તિ રાખો;
ભક્તોનું પાલન કરો પ્રભુ સર્વ આમ,
સાષ્ટાંગ નાથ તમને કરું હું પ્રણામ.......૨

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ,
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ,
ત્વમેવ સર્વં મમ દેવદેવ.

卐

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



# સંધ્યા આરતી

આરતી પ્રગટ પ્રભુજીકી કીજે,
હરિ ચરણકમળ લખી અંતર લીજે...........આરતી.૧
સનકાદિક નારદ ત્રિપુરારિ,
હરિ વિમળ નામ રટે વારંવારી..............આરતી.૨
અનંતકોટિ ભુવનેશ ભવાની,
હરિ સબવિધિ મહિમા સકત નહિ જાની......આરતી.૩
ધરત ધ્યાન દઢ યોગ મુનીશ્વર,
હરિ શેષ સહસ્રમુખ રટત નિરંતર...........આરતી.૪
નરનાટક ક્ષર અક્ષર ન્યારા,
હરિ પુરુષોત્તમ પૂરણ જન પ્યારા............આરતી.૫
નૌતમ રૂપ અકળ છબી ન્યારી,
હરિ બ્રહ્માનંદ જાવત બલિહારી............. આરતી.૬

卐

# રામકૃષ્ણ ગોવિંદ-ધૂન

રામ કૃષ્ણ ગોવિંદ, જય જય ગોવિંદ;
હરે રામ ગોવિંદ,જય જય ગોવિંદ.
નારાયણ હરે, શ્રી મન્નારાયણ હરે;
શ્રી મન્નારાયણ હરે, શ્રી મન્નારાયણ હરે.
કૃષ્ણ દેવ હરે, જય જય કૃષ્ણ દેવ હરે.
જય જય કૃષ્ણ દેવ હરે, જય જય કૃષ્ણ દેવ હરે.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે;
જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે.
વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ,
જય જય વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ.
રાધે ગોવિંદ, જય રાધે ગોવિંદ,
વૃન્દાવનચંદ,જય રાધેગોવિંદ.
માધવ મુકુંદ, જય માધવ મુકુંદ;
આનંદકંદ, જય માધવ મુકુંદ.

સ્વામિનારાયણ સ્વામિનારાયણ,
સ્વામિનારાયણ સ્વામિનારાયણ,
સ્વામિનારાયણ સ્વામિનારાયણ,
સ્વામિનારાયણ સ્વામિનારાયણ.



© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



# શ્રી સ્વામિનારાયણ સ્તોત્રમ્

ઊર્ધ્વં તથાધો ન હિ યસ્ય માનં તસ્મિન્મહોધામનિ રાજમાનમ્।
મુક્તવ્રજાનામધિરાજમાનં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૧॥

*(અધો ઊર્ધ્વ પ્રમાણે રહિત તેજરૂપ-સ્વાંગ પ્રકાશરૂપ-ધામમાં વિરાજમાન તથા મુક્તમંડળ મધ્યે શોભતા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.)*

બ્રહ્માણ્ડસન્દોહવિભાસિકાન્તિં નૈકાત્મકલ્યાણનિગૂઢકાન્તિમ્ ।
મનુષ્યરૂપાર્પિતદિવ્યશાન્તિં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૨॥

*(બ્રહ્માંડોના સમૂહોને પોતાની કાન્તિએ કરીને પ્રકાશિત કરનારા (એવા છતાં) અનેક જીવાત્માઓના મોક્ષને માટે ગુપ્ત રાખેલ છે પ્રભાવ જેમણે એવા, મનુષ્યસ્વરૂપે દિવ્ય શાન્તિને આપનારા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.)*

મનુષ્યરૂપં પ્રતિમાસ્વરૂપં તથાક્ષરે ધામનિ દિવ્યરૂપમ્।
યસ્યાસ્ત્યભિન્નં કમનીયરૂપં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૩॥

*(જેમનું મનુષ્યસ્વરૂપ, પ્રતિમાસ્વરૂપ અને અક્ષરધામમાં રહેલ દિવ્ય સ્વરૂપ અભિન્ન છે (અર્થાત્ જેમનાં આ ત્રણેય સ્વરૂપોમાં એક રોમનો પણ ફેર નથી એવા) અને મનોહર રૂપવાળા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.)*

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

દિવ્યામ્બરાભૂષણભૂષિતાંગં દિવ્યાદ્વિતીયાકૃતિમંજુલાંગમ્ ।
દિવ્યત્વસંપાદકસંગિસંગં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૪॥

*(દિવ્યવસ્ત્ર અને આભૂષણોથી વિભૂષિત અંગવાળા, દિવ્ય અદ્વિતીય મનોહર આકૃતિવાળા, જેમના સત્સંગીઓનો સંગ પણ દિવ્યત્વની પ્રાપ્તિ કરાવે છે એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.)*

સ્વસ્વામિનારાયણનામમન્ત્રં સ્વયં દિશન્તં ભવપારયન્ત્રમ્ ।
પ્રૌઢપ્રતાપાશ્રિતલોકતન્ત્રં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૫॥

(સંસારથી ઉદ્ધારનારા પોતાના 'સ્વામિનારાયણ' મંત્રને શ્રીમુખે પ્રકાશિત કરનારા અને પોતાના પ્રૌઢ પ્રતાપે કરીને લોક સમસ્તને આશ્રય આપનારા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.)

યોગાદ્વિના કારિતસત્સમાધિં સદ્ભક્તસંઘાતવિનાશિતાધિમ્ ।
સંપ્રાપયન્તં તમનાદ્યુપાધિં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૬॥

(અષ્ટાંગયોગ વિના પણ ઉત્તમ સમાધિના દાતા, વિશુદ્ધ ભક્તવૃંદોની સર્વ ઉપાધિઓનો નાશ કરનારા અને અલભ્ય એવી અનાદિ મુક્તની પદવીને પમાડનારા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.)

સર્વાવતારાન્ પ્રવિલાપયન્તં સર્વાવતારિત્વમહો ધરન્તમ્ ।
સ્વરાડિતિ સ્વાન્ પરિદર્શયન્તં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૭॥

(સર્વ અવતારોને પોતાનામાં લીન કરનારા અને આશ્ચર્યપૂર્વક સર્વાવતારીપણું ધારણ કરનારા અને પોતાના આશ્રિતોને પોતાનું

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



રાજાધિરાજપણું દર્શાવનારા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.)

માયેશબ્રહ્માક્ષરસંઘબીજં યેઽનાદિમુક્તા અપિ તેષુ બીજમ્ ।
તં સર્વદાત્યંતિકમુક્તિબીજં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૮॥

(પુરુષ, બ્રહ્મ અને અક્ષરના સમૂહોના કારણ જે અનાદિ મુક્તો તેમના પણ કારણ અને સર્વદા આત્યંતિક કલ્યાણના એક માત્ર કારણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.)

પ્રત્યક્ષ એવાસ્મિ સદેતિ ભાનં દત્ત્વા સ્વકેભ્યો નિજમૂર્તિદાનમ્ ।
યાવદ્રવીન્દૂ પ્રકટપ્રમાણં શ્રીસ્વામિનારાયણમાનમામિ ॥૯॥

(નિજાશ્રિતોને 'હું સદાય પ્રત્યક્ષ છું', એવું અનુપમ જ્ઞાન આપી પોતાની મૂર્તિનું અમૂલ્ય દાન આપનારા, સૂર્ય અને ચંદ્ર પ્રકાશે ત્યાં સુધી પ્રગટ પ્રમાણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને હું નમસ્કાર કરું છું.)

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

# નિર્વિકલ્પ ઉત્તમ - પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ,
 મહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ એકાંતિક સુખધામ.......૧
મોહિમેં તવ ભક્તપનો તામેં કોઈ પ્રકાર,
 દોષ ન રહે કોઈ જાતકો સુનિયો ધર્મકુમાર.............૨
તુમારો તવ હરિભક્તકો દ્રોહ કબુ નહિ હોય,
 એકાંતિક તવ દાસકો દીજે સમાગમ મોય..............૩
નાથ નિરંતર દર્શ તવ તવ દાસનકો દાસ,
 એહિ માગું કરી વિનય હરિ સદા રાખીયે પાસ........૪
હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સૂનો બાત,
 દયાસિંધો ! સ્તવન કરી માગું વસ્તુ સાત...............૫
સહજાનંદ મહારાજકે સબ સત્સંગી સુજાન,
 તાકું હોય દૃઢ વર્તનો શિક્ષાપત્રી પ્રમાન................૬
સો પત્રીમેં અતિ બડે નિયમ એકાદશ જોય,
 તાકી વિક્તિ કહત હું સુનિયે સબ ચિત્ત પ્રોય...........૭
હિંસા ન કરની જંતુકી, પરત્રિયા સંગકો ત્યાગ,
 માંસ ન ખાવત મદ્યકું પીવત નહિ બડભાગ............૮
વિધવાકું સ્પર્શત નહિ કરત ન આત્મઘાત,
 ચોરી ન કરની કાહુકી કલંક ન કોઈકું લગાત...........૯
નિંદત નહિ કોઈ દેવકું બિનખપતો નહિ ખાત,
 વિમુખ જીવકે વદનસે કથા સૂની નહિ જાત..........૧૦
એહિ ધર્મકે નિયમમેં વરતો સબ હરિદાસ,
 ભજો શ્રી સહજાનંદ પદ છોડી ઓર સબ આશ........૧૧
રહી એકાદશ નિયમમેં કરો શ્રીહરિપદ પ્રીત,
 પ્રેમાનંદ કહે ધામમેં જાઓ નિઃશંક જગજીત..........૧૨

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



# જમો થાળ જીવન જાઉં વારી - થાળ

જમો થાળ જીવન જાઉં વારી,
ધોઉં કર ચરણ કરો ત્યારી....................જમો..ટેક

બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી,
 કટોરા કંચનની થાળી;
 જળે ભર્યા ચંબુ ચોખાળી.............જમો.૧

કરી કાઠા ઘઉંની પોળી,
 મેલી ઘૃત સાકરમાં બોળી;
 કાઢ્યો રસ કેરીનો ઘોળી............જમો.૨

ગળ્યા સાટા ઘેબર ફુલવડી,
 દૂધપાક માલપુવા કઢી;
 પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી..........જમો.૩

અથાણાં શાક સુંદર ભાજી,
 લાવી છું તરત કરી તાજી;
 દહીં ભાત સાકર છે ઝાઝી...........જમો.૪

ચળુ કરો લાવું જળઝારી,
 એલચી લવીંગ સોપારી;
 પાન બીડી બનાવી સારી.............જમો.૫

મુખવાસ મનગમતા લઈને,
 પ્રસાદી થાળતણી દઈને;
 ભૂમાનંદ કહે રાજી થઈને.............જમો.૬

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

# જય ઘનશ્યામ - પ્રાર્થના

## (રાગ - યમન કલ્યાણ)

જય ઘનશ્યામ જય જય કરનારા,
કરીએ નમન પુરુષોત્તમ પ્યારા...........જય.ટેક
પૂરણબ્રહ્મ હરિ આપ સુખરાશિ,
પ્રગટ થયા બ્રહ્મધામના વાસી;
આપ સકળ અવતારથી ન્યારા............જય.૧
નિત્ય નવા શણગાર સજો છો,
ભક્તોના ભાવે રૂડા થાળ જમો છો;
પરચા પ્રગટ દઈ કોડ પૂરનારા............જય.૨
આશીર્વાદથી દુઃખડાં કાપો,
અભય વર દઈ મૂરતિ આપો;
કોમળ કર જન શિર ધરનારા.............જય.૩
દિવ્ય જીવનની જ્યોત જગાવો,
આપ કર્તા થઈ કાર્યો દિપાવો;
મંગલમય સુખ નિત્ય દેનારા.............જય.૪
પહેલી ને છેલ્લી એ જ અરજ છે,
મૂર્તિના સુખની એક ગરજ છે,
જાણી બિરદ તે પૂરી પાડનારા.............જય.૫
દાસાનુદાસ વદે પ્રણામ કરીને,
પુષ્પાંજલિ તવ ચરણે ધરીને;
સુખ આપો જાણી સેવક તમારા...........જય.૬

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



# શ્રીજી છો કૃપાળુ - પ્રાર્થના

શ્રીજી છો કૃપાળુ, બાપા છો દયાળુ;
કૃપા કરી આપો શરણું તમારું......... શ્રીજી.ટેક
તમે છો નિયંતા, કર્તા-હર્તા;
છો પરમાત્મા, બુદ્ધિદાતા.............શ્રીજી.૧
માત-પિતા તમે જીવનદાતા;
સગાં-સંબંધી, સ્નેહી-ભ્રાતા...........શ્રીજી.૨
તમે અમારા, અમે તમારા;
દીન બાળકોને, પ્રાણથી પ્યારા.........શ્રીજી.૩

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

# છડી

(૧) એ...સોને કી છડી
રૂપે કી મશાલ
જરિયાન કા જામા
મોતન કી માળા
માથે મુગટ
કાને કુંડળ
હાથમાં રૂમાલ
ચરણમાં તોડા
ધામોના ધામી
નામોના નામી
અનાદિ મુક્ત કે સ્વામી
કારણ કે કારણ
રાજન કે રાજન
ભૂપન કે ભૂપન
સર્વોપરી

સદાય પ્રગટ છે છે ને છે જ, એવા શ્રી અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણબાપાની જય હો......... જયજયકાર હો....... જય હો.... જયજયકાર હો....

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



(૨) જય હો.... જયજયકાર હો....
જય હો.... જયજયકાર હો....
ખમ્મા.... ખમ્મા...., ખમ્મા.... ખમ્મા....
શ્રી વૃષપુરનિવાસી પાંચાપિતાના પુત્ર,
દેવુબાના લાડકવાયા લાલ, ન્યાલકરણબાપા,
શ્રીજીસ્વરૂપમૂર્તિ, એવા શ્રી જીવનપ્રાણ બાપાશ્રીની
જય હો.... જયજયકાર હો....
જય હો.... જયજયકાર હો....

(૩) જય હો.... જયજયકાર હો....
જય હો.... જયજયકાર હો....
ખમ્મા.... ખમ્મા...., ખમ્મા.... ખમ્મા....
શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર,
ધર્મધુરંધર ૧૦૦૮ સનાતનધર્મસમ્રાટ,
પરમ કલ્યાણકારી જીવનપ્રાણ સ્વામીબાપાની....
જય હો.... જયજયકાર હો....
જય હો.... જયજયકાર હો....

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

# સત્તાવનનું ટોળું

ત્રણ દેહ, અવસ્થા, ગુણ ત્રણ, પંચ વિષય, અંતઃકરણ ચાર;
પંચભૂત, પ્રાણ, ઈન્દ્રિયો દશ, દેવતા ચૌદ નિરધાર..જીવ તું મહારસ.

| | | |
|---|---|---|
| ત્રણ દેહ | : | સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ, કારણ દેહ |
| ત્રણ અવસ્થા | : | જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા, સુષુપ્તિ અવસ્થા |
| ત્રણ ગુણ | : | રજોગુણ, તમોગુણ, સત્ત્વગુણ |
| પંચવિષય | : | શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ |
| પંચભૂત | : | પૃથ્વી,જળ, તેજ, વાયુ, આકાશ |

### *દશ પ્રાણ તથા તેનું કાર્ય :-*

| | | |
|---|---|---|
| પાન | : | હૃદયમાં રહી ઉચ્છ્વાસ કરે છે. |
| અપાન | : | ગુદામાં રહી નિશ્વાસ કરે છે. |
| ઉદાન | : | કંઠમાં રહી ઈન્દ્રિયોને ગોલકમાં સ્થાપન કરે છે. |
| સમાન | : | નાભિમાં રહી ચાર પ્રકારના અન્નને પચાવે છે. |
| વ્યાન | : | સર્વ શરીરમાં ઈન્દ્રિયોને બળ આપે છે. |
| નાગ | : | ઊલટી કરાવે છે, ઓડકાર લાવે છે. |
| કુર્મ | : | આંખનાં પોપચાં તથા ઉપર નીચેના હોઠને ઉઘાડ-બંધ કરે છે. |
| કૃકલ | : | ભૂખ લગાડે છે. |
| દેવદત્ત | : | બગાસાં લાવે છે. |
| ધનંજય | : | શરીરને ફુલાવે છે, મરેલા શરીરને પણ છોડતો નથી. |

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



### *પંચ જ્ઞાનેન્દ્રિયો તથા તેના દેવતા :-*

| | | |
|---|---|---|
| શ્રોત્ર (કાન) | : | દિગ્પાળ |
| ત્વક્ (ચામડી) | : | વાયુદેવ |
| ચક્ષુ (આંખ) | : | સૂર્યદેવ |
| રસના (જીભ) | : | વરુણદેવ |
| ઘ્રાણ (નાક) | : | અશ્વિનીકુમાર |

### *પંચ કર્મેન્દ્રિયો તથા તેના દેવતા :-*

| | | |
|---|---|---|
| વાક્ (વાણી) | : | અગ્નિદેવ |
| પાણિ (હાથ) | : | ઈન્દ્ર |
| પાદ (પગ) | : | વિષ્ણુ |
| પાયુ (ગુદા) | : | યમરાજ |
| ઉપસ્થ (શિશ્ન) | : | પ્રજાપતિ |

### *ચાર અંતઃકરણ, તેનું કાર્ય તથા તેના દેવતા :-*

| | | | | |
|---|---|---|---|---|
| મન | : | સંકલ્પ કરે છે | : | ચન્દ્ર |
| બુદ્ધિ | : | નિશ્ચય કરે છે | : | બ્રહ્મા |
| ચિત્ત | : | ચિંતવન કરે છે | : | વાસુદેવ |
| અહંકાર | : | અભિમાન કરે છે | : | રુદ્ર |

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

# પ્રાગટ્ય નોંધ

| | વિગત | ગામ | સમય |
|---|---|---|---|
| ૧. | સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીનું પ્રાગટ્ય | અયોધ્યા | સં. ૧૭૯૫ |
| ૨. | શ્રી ધર્મદેવનું પ્રાગટ્ય | ઈટારપુર | સં. ૧૭૯૬ |
| ૩. | શ્રી ભક્તિમાતાનું પ્રાગટ્ય | છપૈયા | સં. ૧૭૯૮ |
| ૪. | શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય | છપૈયા | સં. ૧૮૩૭ |
| ૫. | સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાનું પ્રાગટ્ય | ટોડલા | સં. ૧૮૩૭ |
| ૬. | સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાનું પ્રાગટ્ય | ચૂડા | સં. ૧૮૭૩ |
| ૭. | જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીનું પ્રાગટ્ય | વૃષપુર | સં. ૧૯૦૧ |
| ૮. | સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાનું પ્રાગટ્ય | અસલાલી | સં. ૧૯૨૩ |
| ૯. | આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપાનું પ્રાગટ્ય | ખેડા | સં. ૧૯૬૩ |
| ૧૦. | આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રીનું પ્રાગટ્ય | ભારાસર | સં. ૧૯૯૮ |

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

# પ્રશ્નોત્તરી

પ્રશ્ન. આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ કોણ ?

ઉત્તર. સર્વોપરી સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ છે.

પ્ર. આપણો મંત્ર કયો ?

ઉ. ''સ્વામિનારાયણ'' આપણો મહામંત્ર છે.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ભગવાન ક્યાં અને ક્યારે પ્રગટ થયા ?

ઉ. અયોધ્યા પાસે આવેલા છપૈયા ગામમાં સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદિ નવમી સોમવારની રાત્રે દશ ઘડી જતાં (તા. ૨-૪-૧૭૮૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન મનુષ્યરૂપે પ્રગટ થયા.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં માતાપિતાનાં નામ શું હતાં ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ભગવાનના પિતાનું નામ ધર્મદેવ હતું તથા માતાનું નામ ભક્તિદેવી હતું.

પ્ર. ધર્મદેવનાં બીજાં કયાં કયાં નામ છે ?

ઉ. (૧) દેવશર્મા, (૨) હરિપ્રસાદ.

પ્ર. ધર્મદેવનાં માતાપિતાનાં નામ શું હતાં ?

ઉ. ધર્મદેવના પિતાનું નામ બાલશર્મા હતું તથા માતાનું નામ ભાગ્યવતીદેવી હતું.

પ્ર. ભક્તિમાતાનાં બીજાં કયાં કયાં નામ છે ?

ઉ. (૧) બાલા (૨) પ્રેમવતી

પ્ર. ભક્તિમાતાનાં માતાપિતાનાં નામ શું હતાં ?

ઉ. ભક્તિમાતાના પિતાનું નામ કૃષ્ણશર્મા હતું તથા માતાનું નામ ભવાનીદેવી હતું.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

કહ્વંજપ્તહ્વંકપ્તહ્વંકપ્તકહ્વં

પ્ર. માતાપિતા તથા સગાંસંબંધી બાલ્યાવસ્થામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને કયા નામથી બોલાવતાં ?

ઉ. ‘‘ઘનશ્યામ’’ એવા મધુર નામથી બોલાવતાં.

પ્ર. ઘનશ્યામ મહારાજનાં પ્રસિદ્ધ નવ નામનો ઉલ્લેખ કરો.

ઉ. (૧) ઘનશ્યામ મહારાજ (૨) હરિ (૩) કૃષ્ણ (૪) હરિકૃષ્ણ (૫) નીલકંઠ વર્ણી, (૬) નારાયણ મુનિ (૭) સહજાનંદ સ્વામી (૮) સ્વામિનારાયણ ભગવાન (૯) શ્રીજીમહારાજ

પ્ર. માર્કંડેય મુનિએ ઘનશ્યામ મહારાજનો નામકરણવિધિ કરતાં કયાં કયાં નામ આપ્યાં હતાં ?

ઉ. માર્કંડેય મુનિએ ઘનશ્યામ મહારાજનો નામકરણવિધિ કરતાં (૧) હરિ (૨) કૃષ્ણ (૩) હરિકૃષ્ણ એ નામ આપ્યાં હતાં. વળી કહ્યું હતું કે ‘‘નીલકંઠ’’ નામથી પણ પ્રસિદ્ધ થશે.

પ્ર. ઘનશ્યામ મહારાજને કેટલા ભાઈ હતા ?

ઉ. ઘનશ્યામ મહારાજને બે ભાઈ હતા (૧) મોટા ભાઈ રામપ્રતાપભાઈ (૨) નાના ભાઈ ઈચ્છારામભાઈ.

પ્ર. ઘનશ્યામ મહારાજે કયા વર્ષે વિદ્યાભ્યાસ શરૂ કર્યો ?

ઉ. ઘનશ્યામ મહારાજે પાંચમા વર્ષે વિદ્યાભ્યાસ શરૂ કર્યો.

પ્ર. ઘશ્યામ મહારાજે કોની પાસે વિદ્યાભ્યાસ શરૂ કર્યો ?

ઉ. ઘનશ્યામ મહારાજે પોતાના પિતા શ્રી ધર્મદેવ પાસે વિદ્યાભ્યાસ શરૂ કર્યો.

પ્ર. ઘનશ્યામ મહારાજને કયા વર્ષે યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં આવ્યો ?

ઉ. ઘનશ્યામ મહારાજને આઠમા વર્ષે યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



આવ્યો.

પ્ર. ઘનશ્યામ મહારાજના બાળસખાઓ કોણ હતા ?

ઉ. વેણી, માધવ, પ્રાગ વગેરે ઘનશ્યામ મહારાજના બાળસખાઓ હતા.

પ્ર. ઘનશ્યામ મહારાજે કાશીમાં વિદ્વત્સભામાં કયા મતનું પ્રતિપાદન કર્યું ?

ઉ. ઘનશ્યામ મહારાજે કાશીમાં વિદ્વત્સભામાં ‘‘વિશિષ્ટાદ્વૈત’’ મતનું પ્રતિપાદન કર્યું.

પ્ર. ઘનશ્યામ મહારાજ ગૃહત્યાગ કરી વનમાં ક્યારે પધાર્યા ?

ઉ. ઘનશ્યામ મહારાજ સંવત ૧૮૪૯ના અષાઢ સુદિ દસમ શુક્રવારના રોજ વહેલી સવારે (તા.૨૯-૬-૧૭૯૨) ગૃહત્યાગ કરી વનમાં પધાર્યા.

પ્ર. ઘનશ્યામ મહારાજ વનવિચરણ દરમ્યાન કયા નામથી ઓળખાતા ?

ઉ. ઘનશ્યામ મહારાજ વનવિચરણ દરમ્યાન ‘‘નીલકંઠ વર્ણી’’ એ મધુર નામથી ઓળખાતા.

પ્ર. નીલકંઠ વર્ણીનો વનવિચરણનો હેતુ શો હતો ?

ઉ. લાંબા સમયથી તપ કરતા તપસ્વીઓને તેમના તપનું ફળ - પોતાનાં પ્રત્યક્ષ દર્શન આપવાં, લાંબા સમયથી યોગની સાધના કરતા યોગીઓને તેમની યોગસાધનાનું ફળ - પોતાનાં પ્રત્યક્ષ દર્શન આપવાં, જૂનાં તીર્થોને સજીવન કરવાં તથા નવાં તીર્થો સર્જવાં, મુમુક્ષુઓને તપત્યાગની રીતિ શિખવવી તેમજ અસંખ્ય જીવોનું કલ્યાણ કરવું વગેરે અનેક હેતુઓ નીલકંઠ વર્ણીના વનવિચરણમાં સમાયેલા હતા.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

પ્ર. ક્રમશઃ સાત-આઠ સ્થાનોના નામોલ્લેખપૂર્વક નીલકંઠ વર્ણીનું વનવિચરણ કહો.

ઉ. નીલકંઠ વર્ણી અયોધ્યાથી સર્વપ્રથમ મુક્તનાથ, ત્યારબાદ આદિવારાહ, સીરપુર, કપિલાશ્રમ, જગન્નાથપુરી, આદિકૂર્મ, માનસપુર, રામેશ્વર, ભૂતપુરી, આદિકેશવ, પંઢરપુર, નાસિક, ભીમનાથ, માંગરોળ થઈ લોજ પધાર્યા.

પ્ર. નીલકંઠ વર્ણી લોજમાં સર્વપ્રથમ ક્યારે પધાર્યા ?

ઉ. સંવત ૧૮૫૬ના શ્રાવણ વદિ છઠ્ઠ બુધવારના રોજ (તા. ૨-૮-૧૭૯૯) નીલકંઠ વર્ણી લોજમાં સર્વપ્રથમ પધાર્યા.

પ્ર. સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીનાં માતપિતાનાં નામ શું હતાં ?

ઉ. સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીના પિતાનું નામ અજય વિપ્ર હતું તથા માતાનું નામ સુમતિદેવી હતું.

પ્ર. સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામીનું પૂર્વાશ્રનું નામ શું હતું ?

ઉ. સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ રામશર્મા હતું.

પ્ર. સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી કોના થકી દીક્ષાને પામ્યા હતા ?

ઉ. સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી શ્રી રામાનુજાચાર્ય થકી દીક્ષાને પામ્યા હતા.

પ્ર. નીલકંઠ વર્ણીએ કેટલો સમય વનવિચરણ કર્યું ?

ઉ. નીલકંઠ વર્ણીએ સાત વર્ષ એક માસ અને અગિયાર દિવસ વનવિચરણ કર્યું.

પ્ર. નીલકંઠ વર્ણીએ લોજમાં એક કયું વિશિષ્ટ કાર્ય કર્યું ?

ઉ. નીલકંઠ વર્ણીએ લોજમાં ભાઈઓ તથા બહેનોની સભા અલગ કરાવી - એ વિશિષ્ટ કાર્ય કર્યું.

પ્ર. નીલકંઠ વર્ણીને સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી સાથે સર્વપ્રથમ મેળાપ

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



ક્યાં અને ક્યારે થયો ?

ઉ. નીલકંઠ વર્ણીને સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી સાથે સર્વપ્રથમ મેળાપ પીપલાણા ગામે સંવત ૧૮૫૬ના જેઠ વદિ બારસ સોમવારના રોજ સવારે (તા. ૧૯-૬-૧૮૦૦) થયો.

પ્ર. નીલકંઠ વર્ણીએ સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી પાસેથી મહાદીક્ષા ક્યાં અને ક્યારે ગ્રહણ કરી ?

ઉ. નીલકંઠ વર્ણીએ સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી પાસેથી મહાદીક્ષા પીપલાણા ગામે સંવત ૧૯૫૭ના કારતક સુદિ એકાદશી મંગળવારના રોજ (તા. ૨૮-૧૦-૧૮૦૦) ગ્રહણ કરી.

પ્ર. સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને શું નામ આપ્યાં ?

ઉ. સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને (૧) નારાયણ મુનિ (૨) સહજાનંદ સ્વામી એ બે નામ આપ્યાં.

પ્ર. સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા શ્રી સહજાનંદ સ્વામીને ક્યાં અને ક્યારે સુપ્રત કરી ?

ઉ. જેતપુરમાં ઉનડખાચરના દરબારમાં સંવત ૧૮૫૮ના કારતક સુદિ એકાદશી ગુરુવારના રોજ (તા. ૧૬-૧૧-૧૮૦૧) સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધુરા શ્રી સહજાનંદ સ્વામીને સુપ્રત કરી.

પ્ર. ભક્તવત્સલ શ્રી સહજાનંદ સ્વામીએ સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી પાસે કયાં બે વરદાન માગ્યાં ?

ઉ. (૧) તમારા સત્સંગી હોય તેને એક વિંછીનું દુઃખ થવાનું હોય તો તે મુને એક એક રુંવાડે કોટી કોટી વિંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ. (૨) તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મુને આવે પણ તમારા સત્સંગી

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય.

પ્ર. સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી કયાં અને ક્યારે અંતર્ધાન થયા ?

ઉ. સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી ફણેણી ગામમાં ૧૮૫૮ના માગશર સુદિ તેરશ ગુરુવારના રોજ (તા. ૧૭-૧૨-૧૮૦૧) અંતર્ધાન થયા.

પ્ર. શ્રી સહજાનંદ સ્વામી સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી સાથે કેટલો સમય રહ્યા ?

ઉ. શ્રી સહજાનંદ સ્વામી સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામી સાથે એક વર્ષ પાંચ માસ અને સોળ દિવસ રહ્યા.

પ્ર. શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના ‘‘સ્વામિનારાયણ’’ નામનો પ્રકાશ ક્યાં અને ક્યારે કર્યો ?

ઉ. શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના ‘‘સ્વામિનારાયણ’’ નામનો પ્રકાશ ફણેણી ગામમાં સદ્‌૦ શ્રી રામાનંદ સ્વામીના ચૌદમાના દિવસે કર્યો.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ક્યાં અને ક્યારે લખી ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી વડતાલમાં સંવત ૧૮૮૨ના મહા સુદિ પંચમી - વસંત પંચમી - રવિવારના રોજ (તા. ૧૨-૨-૧૮૨૬) લખી.

પ્ર. શિક્ષાપત્રીમાં શ્લોકની સંખ્યા કેટલી છે ?

ઉ. શિક્ષાપત્રીમાં શ્લોકની સંખ્યા બસો બારની (૨૧૨) છે.

પ્ર. શ્રીજીમહારાજ જેમને ‘‘સ્વામી..... સ્વામી..... ’’ કહેતા પ્રેમવિભોર થઈ જતા એ સંત કયા ?

ઉ. શ્રીજીમહારાજ જેમને ‘‘સ્વામી.... સ્વામી.....’’ કહેતા પ્રેમવિભોર થઈ જતા એ સંત સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



સ્વામીબાપા.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે અંતર્ધાન થતાં પૂર્વે સંપ્રદાયનું સુકાન કોને સુપ્રત કર્યું ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે અંતર્ધાન થતાં પૂર્વે સંપ્રદાયનું સુકાન યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને સુપ્રત કર્યું.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની મનુષ્યલીલા ક્યાં અને ક્યારે સંકેલી ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની મનુષ્યલીલા ગઢપુરમાં સંવત ૧૮૮૬ના જેઠ સુદિ દશમ મંગળવારના રોજ (તા. ૨૮-૬-૧૮૩૦) સંકેલી.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ભગવાને આ લોકમાં મનુષ્યરૂપે કેટલો સમય દર્શનદાન આપ્યાં ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ભગવાને આ લોકમાં ઓગણપચાસ વર્ષ, બે માસ અને એક દિવસ મનુષ્યરૂપે દર્શનદાન આપ્યાં.

પ્ર. સદ્‌૦ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાનું પૂર્વાશ્રમનું નામ શું હતું ?

ઉ. સદ્‌૦ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાનું પૂર્વાશ્રમનું નામ ખુશાલભટ્ટ હતું.

પ્ર. ખુશાલભટ્ટનાં માતાપિતાનાં નામ શું હતાં ?

ઉ. ખુશાલભટ્ટના પિતાનું નામ મોતીરામ તથા માતાનું નામ જીવીબા હતું.

પ્ર. સદ્‌૦ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ સત્સંગનું સુકાન કોને સોંપ્યું ?

ઉ. સદ્‌૦ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાએ સત્સંગનું સુકાન પોતાના

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

શિષ્ય સદ્‌૦ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાને સોપ્યું.

પ્ર. સદ્‌૦ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા સવિશેષ ક્યાં રહેતા ?

ઉ. સદ્‌૦ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા સવિશેષ અમદાવાદમાં રહેતા.

પ્ર. "સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો" એ પુસ્તક કોણે લખ્યું છે ?

ઉ. "સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો" એ પુસ્તક સ્વામીએ સ્વયં લખ્યું છે.

પ્ર. સદ્‌૦ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા, શ્રી અબજી બાપાશ્રીને કયા શબ્દથી સંબોધતા ?

ઉ. સદ્‌૦ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા, શ્રી અબજી બાપાશ્રીને "જીવનપ્રાણ" એ શબ્દથી સંબોધતા.

પ્ર. સદ્‌૦ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાએ સત્સંગનું સુકાન કોને સુપ્રત કર્યું ?

ઉ. સદ્‌૦ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાએ સત્સંગનું સુકાન પોતાના શિષ્ય સદ્‌૦ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાને સુપ્રત કર્યું.

પ્ર. સદ્‌૦ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાને કયું બિરુદ મળ્યું હતું ?

ઉ. સદ્‌૦ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાને "નીડર સિદ્ધાંતવાદી" એવું બિરુદ મળ્યું હતું.

પ્ર. સદ્‌૦ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાનું પૂર્વાશ્રમનું નામ શું હતું ?

ઉ. સદ્‌૦ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાનું પૂર્વાશ્રમનું નામ બહેચરભાઈ હતું.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



પ્ર. જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીનાં માતાપિતાનાં નામ શું હતાં ?

ઉ. જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીના પિતાનું નામ પાંચાભાઈ હતું તથા માતાનું નામ દેવુબા હતું.

પ્ર. બાપાશ્રીને બાલ્યાવસ્થામાં જ કેટલાં કીર્તનો કંઠસ્થ હતાં ?

ઉ. બાપાશ્રીને બાલ્યાવસ્થામાં જ (ચાર પદનું એક કીર્તન એવાં) અગિયારસો કીર્તન કંઠસ્થ હતાં.

પ્ર. બાપાશ્રીને બહેનો કેટલી હતી ?

ઉ. બાપાશ્રીને ચાર બહેનો હતી.

પ્ર. બાપાશ્રી કોણ હતા ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વયં બાપાશ્રીરૂપે પ્રગટ થયા હતા.

પ્ર. બાપાશ્રીએ કઈ સ્થિતિ પ્રવર્તાવી ?

ઉ. બાપાશ્રીએ અનાદિ મુક્તની સ્થિતિ પ્રવર્તાવી.

પ્ર. બાપાશ્રીએ શ્રી સ્વામિનારાયણ ભગવાનને કેવા ઓળખાવ્યા ?

ઉ. બાપાશ્રીએ શ્રી સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી સર્વ અવતારના અવતારી તરીકે ઓળખાવ્યા.

પ્ર. સત્સંગ મહાસભાની સ્થાપના કોણે કરી ?

ઉ. સત્સંગ મહાસભાની સ્થાપના જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીએ કરી.

પ્ર. સત્સંગ મહાસભાની સ્થાપના ક્યાં ? ક્યારે ? અને શા માટે કરવામાં આવી ?

ઉ. સત્સંગ મહાસભાની સ્થાપના મૂળી મુકામે સંવત ૧૯૭૬માં કરવામાં આવી. તેના મુખ્ય હેતુ બે હતા અને છે. (૧) વહીવટશુદ્ધિ (૨) ધર્મશુદ્ધિ.

પ્ર. સત્સંગ મહાસભાનું મુખપત્ર કયું ?

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

ઉ. “શ્રી ઘનશ્યામ વિજય” માસિક સત્સંગ મહાસભાનું મુખપત્ર છે.

પ્ર. બાપાશ્રીએ પોતાની મનુષ્યલીલા ક્યાં અને ક્યારે સંકેલી ?

ઉ. બાપાશ્રીએ પોતાની મનુષ્યલીલા કચ્છ-વૃષપુરમાં સંવત ૧૯૮૪ના અષાઢ સુદિ પંચમીના રોજ સંકેલી.

પ્ર. શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ મહાદીક્ષા ક્યારે ગ્રહણ કરી ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ સંવત ૧૯૮૬ના કાર્તિક સુદિ એકાદશીએ મહાદીક્ષા ગ્રહણ કરી.

પ્ર. જીવનપ્રાણ સ્વામીબાપાનું પૂર્વાશ્રમનું નામ શું હતું ?

ઉ. જીવનપ્રાણ સ્વામીબાપાનું પૂર્વાશ્રમનું નામ પુરુષોત્તમભાઈ હતું.

પ્ર. પુરુષોત્તમભાઈનાં માતાપિતાનાં નામ શું હતાં ?

ઉ. પુરુષોત્તમભાઈના પિતાનું નામ મૂળજીભાઈ હતું તથા માતાનું નામ ઈચ્છાબા હતું.

પ્ર. પુરુષોત્તમભાઈના નાના ભાઈનું નામ શું હતું ?

ઉ. પુરુષોત્તમભાઈના નાના ભાઈનું નામ ગોવિંદ હતું.

પ્ર. પુરુષોત્તમભાઈનાં બહેનનું નામ શું હતું ?

ઉ. પુરુષોત્તમભાઈનાં બહેનનું નામ ડાહીબહેન હતું.

પ્ર. પુરુષોત્તમભાઈને કઈ રમત બહુ પ્રિય હતી ?

ઉ. પુરુષોત્તમભાઈને ક્રીકેટની રમત બહુ પ્રિય હતી.

પ્ર. પુરુષોત્તમભાઈને સત્સંગનો કયો ગ્રન્થ અતિપ્રિય હતો ?

ઉ. પુરુષોત્તમભાઈને સત્સંગનો “ભક્તચિંતામણિ” નામનો ગ્રન્થ અતિપ્રિય હતો.

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



પ્ર. પુરુષોત્તમભાઈએ વિદ્યાભ્યાસ ક્યાં કર્યો ?

ઉ. પુરુષોત્તમભાઈએ પ્રાથમિક અભ્યાસ ખેડામાં કર્યો. ત્યારબાદ માધ્યિક અભ્યાસ અમદાવાદમાં જે. એલ. ઈંગ્લીશ સ્કૂલમાં કર્યો.

પ્ર. ખેડા કઈ નદીના કિનારે આવેલું છે ?

ઉ. ખેડા વાત્રક નદીના કિનારે આવેલું છે.

પ્ર. પુરુષોત્તમભાઈએ ધંધા માટે કયું શહેર પસંદ કર્યું ?

ઉ. પુરુષોત્તમભાઈએ ધંધા માટે મુંબઈ શહેર પસંદ કર્યું.

પ્ર. જીવનપ્રાણ સ્વામીબાપાના ગુરુજીનું નામ શું ?

ઉ. જીવનપ્રાણ સ્વામીબાપાના ગુરુજીનું નામ “નીડર સિદ્ધાંતવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા” હતું.

પ્ર. નીડર સિદ્ધાંતવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ સત્સંગનું સુકાન કોને સુપ્રત કર્યું ?

ઉ. નીડર સિદ્ધાંતવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ સત્સંગનું સુકાન પોતાના શિષ્ય જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાને સુપ્રત કર્યું.

પ્ર. જીવનપ્રાણ સ્વામીબાપાએ કયો કાવ્યગ્રન્થ લખ્યો છે ?

ઉ. જીવનપ્રાણ સ્વામીબાપાએ “શ્રી હરિજ્ઞાનામૃત કાવ્ય” નામનો કાવ્યગ્રંથ લખ્યો છે.

પ્ર. જીવનપ્રાણ સ્વામીબાપાએ સત્સંગમાં સંગઠન કેળવવા ગામેગામ કયા મંડળની સ્થાપના કરેલી છે ?

ઉ. જીવનપ્રાણ સ્વામીબાપાએ સત્સંગમાં સંગઠન કેળવવા ગામેગામ “શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ” ની સ્થાપના કરી છે.

પ્ર. જીવનપ્રાણ સ્વાીબાપાને પચાસ વર્ષ પૂરાં થતાં કયો મહોત્સવ ?

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

ક્યાં અને ક્યારે ઊજવાયો ?

ઉ. જીવનપ્રાણ સ્વામીબાપાને સંવત ૨૦૧૩માં પચાસ વર્ષ પૂરાં થતાં તેઓશ્રીનો સુવર્ણ જયંતી મહોત્સવ મણિનગર-અમદાવાદમાં ખૂબ ધામધૂમથી ઊજવાયો.

પ્ર. જીવનપ્રાણ સ્વામીબાપાએ છેલ્લી ધ્યાન-તપશ્ચર્યા કેટલા દિવસ કરી ?

ઉ. જીવનપ્રાણ સ્વામીબાપાએ છેલ્લી ધ્યાન-તપશ્ચર્યા એકસઠ દિવસ કરી.

પ્ર. એકસઠ દિવસની ધ્યાન-તપશ્ચર્યામાં શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવનપ્રાણ સ્વામીબાપાને શું આદેશ આપ્યો ?

ઉ. એકસઠ દિવસની ધ્યાન-તપશ્ચર્યામાં શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવનપ્રાણ સ્વામીબાપાને પ્રત્યક્ષ દર્શન આપી પોતાની ''શ્રી સ્વામિનારાયણ ગાદી'' ને મૂર્તસ્વરૂપ આપવાનો આદેશ આપ્યો.

પ્ર. જીવનપ્રાણ સ્વામીબાપાએ શ્રી સ્વામિનારાયણ ગાદીને મૂર્તસ્વરૂપ ક્યાં અને ક્યારે આપ્યું ?

ઉ. જીવનપ્રાણ સ્વામીબાપાએ શ્રી સ્વામિનારાયણ મંદિર- મણિનગર મધ્યે સંવત ૨૦૨૮ના ભાદરવા વદિ અમાસ શનિવાર (તા. ૭-૧૦-૭૨)ના રોજ શ્રી સ્વામિનારાયણ ગાદીને મૂર્તસ્વરૂપ આપ્યું.

પ્ર. આપણે કઈ ગાદીના આશ્રિત છીએ ?

ઉ. આપણે શ્રી સ્વામિનારાયણ ગાદીના આશ્રિત છીએ.

પ્ર. કારણ સત્સંગ - શ્રી સ્વામિનારાયણ ગાદીનું કેન્દ્રસ્થાન ક્યું ?

ઉ. કારણ સત્સંગ - શ્રી સ્વામિનારાયણ ગાદીનું કેન્દ્રસ્થાન શ્રી

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



સ્વામિનારાયણ મંદિર - મણિનગર, અમદાવાદ-૮ છે.

પ્ર. શ્રી સ્વામિનારાયણ મંદિર - મણિનગરમાં મધ્ય મંદિરમાં કોણ દર્શનદાન આપે છે ?

ઉ. શ્રી સ્વામિનારાયણ મંદિર - મણિનગરમાં મધ્ય મંદિરમાં અક્ષરધામના અધિપતિ સર્વોપરી સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહારાજ દર્શનદાન આપે છે.

પ્ર. શ્રી સ્વામિનારાયણ મંદિર- મણિનગરમાં શ્રી ઘનશ્યામ મહારાજની જમણી બાજુએ તથા ડાબી બાજુએ કોણ કોણ દર્શનદાન આપે છે ?

ઉ. શ્રી સ્વામિનારાયણ મંદિર - મણિનગરમાં શ્રી ઘનશ્યામ મહારાજની જમણી બાજુએ જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી તથા તેમની જમણી બાજુએ શ્રી હરિકૃષ્ણ મહારાજ દર્શનદાન આપે છે અને શ્રી ઘનશ્યામ મહારાજની ડાબી બાજુએ આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ સ્વામીબાપા તથા તેમની ડાબી બાજુએ શ્રી સહજાનંદ સ્વામી મહારાજ દર્શનદાન આપે છે.

પ્ર. આપણા કારણસત્સંગમાં કરાતા જયનાદોનો ક્રમ કહો.

ઉ. (૧) અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણબાપાની જય.
(૨) શ્રી ઘનશ્યામ મહારાજની જય
(૩) શ્રી હરિકૃષ્ણ મહારાજની જય
(૪) શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય
(૫) બાપાશ્રીની જય
(૬) સદ્‌ગુરુઓશ્રીની જય
(૭) શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર ધર્મધુરંધર

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

સનાતનધર્મસમ્રાટ્ પરમ કલ્યાણકારી જીવનપ્રાણ સ્વામીબાપાની જય.

પ્ર. કારણ સત્સંગના કેન્દ્રસ્થાન - શ્રી સ્વામિનારાયણ મંદિર - મણિનગરમાં ઊજવાતા મુખ્ય ત્રણ સમૈયાનો નિર્દેશ કરો.

ઉ. (૧) ફાગણ સુદિ તૃતીયા - શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ દિન.
(૨) અષાઢ સુદિ પૂર્ણિમા - ગુરુપૂર્ણિમા
(૩) ભાદરવા વદિ અમાસ - આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ સ્વામીબાપાનો પ્રાગટ્ય મહોત્સવ.

પ્ર. શ્રી સ્વામિનારાયણ મંદિર - મણિનગરમાં થતી પાંચ આરતીઓનાં નામ કહો.

ઉ. (૧) મંગળા આરતી (૨) શણગાર આરતી (૩) રાજભોગ આરતી (૪) સંધ્યા આરતી (૫) શયન આરતી.

પ્ર. આપણી ગુરુપરંપરા વર્ણવો.

ઉ. (૧) સર્વોપરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન
(૨) યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા
(૩) સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપા
(૪) નીડર સિદ્ધાન્તવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપા
(૫) આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપા

પ્ર. આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ સ્વામીબાપાએ પોતાના અનુગામી ઉત્તરાધિકારીપદે કોની નિયુક્તિ કરી ?

ઉ. આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ સ્વામીબાપાએ પોતાના

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



અનુગામી ઉત્તરાધિકારીપદે પોતાના શિષ્ય સંત શિરોમણિ પરમ પૂજ્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રીની નિયુક્તિ કરી.

પ્ર. આપણો મુખ્ય ધર્મગ્રંથ કયો ?

ઉ. ''વચનામૃત'' આપણો મુખ્ય ધર્મગ્રંથ છે.

પ્ર. આપણા વેદ કયા ?

ઉ. વચનામૃત એ આપણા વેદ છે.

પ્ર. વચનામૃત એ કોની વાણી છે ?

ઉ. વચનામૃત એ શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાણી છે.

પ્ર. વચનામૃત - શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાણીનો સંગ્રહ કોણે કર્યો ?

ઉ. (૧) યોગીવર્ય સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા (૨) સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી (૩) સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી (૪) સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામી (૫) સદ્‌ગુરુ શ્રી શુકાનંદ સ્વામી - આ પાંચ સદ્‌ગુરુઓએ શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાણીનો સંગ્રહ કર્યો, જે વચનામૃત નામથી પ્રસિદ્ધ થયેલ છે.

પ્ર. વચનામૃત ગ્રન્થમાં વચનામૃતોની સંખ્યા કેટલી છે ?

ઉ. વચનામૃત ગ્રંન્થમાં વચનામૃતોની સંખ્યા બસો ને તોંતેરની છે.

પ્ર. વચનામૃતના ગૂઢાર્થને પ્રગટ કરતી ટીકાનું નામ શું છે ?

ઉ. વચનામૃતના ગૂઢાર્થને પ્રગટ કરતી ટીકાનું નામ ''રહસ્યાર્થ પ્રદીપિકા'' છે.

પ્ર. રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાના કર્તા કોણ છે ?

ઉ. રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાના કર્તા જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી છે.

પ્ર. વચનામૃતના ગૂઢાર્થને પ્રગટ કરવા પ્રશ્નો કોણે પૂછ્યા ?

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

ઉ. વચનામૃતના ગૂઢાર્થને પ્રગટ કરવા નીડર સિદ્ધાન્તવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીને પ્રશ્નો પૂછ્યા.

પ્ર. રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાનો સંગ્રહ કોણે કર્યો ?

ઉ. રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાનો સંગ્રહ નીડર સિદ્ધાન્તવાદી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાએ કર્યો.

પ્ર. રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રન્થ ઉપર જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીએ શું આશીર્વાદ આપ્યા છે ?

ઉ. જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીએ અતિ પ્રસન્ન થઈ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રન્થ ઉપર આશીર્વાદ આપતાં જણાવ્યું છે કે જે મુમુક્ષુ આ દિવ્ય ગ્રન્થ વાંચશે, સાંભળશે, તેનાં દર્શન કરશે તથા મહિમા જાણી સ્પર્શ કરી છાતીએ લગાડશે તે સર્વેનું તેજોમય તન થશે અને આત્યંતિક મોક્ષને પામશે.

પ્ર. ગૃહસ્થનાં પંચ વર્તમાન કયાં ?

ઉ. ૧. દારૂ ન પીવો. ૨. માંસ ન ખાવું. ૩. ચોરી ન કરવી. ૪. વ્યભિચાર ન કરવો ૫. પોતે વટલવું નહિ અને બીજાને વટલાવવા નહિ. આ પાંચ ગૃહસ્થનાં વર્તમાન છે.

પ્ર. ત્યાગીનાં પંચ વર્તમાન કયાં ?

ઉ. ૧. નિષ્કામ ૨. નિર્લોભ ૩. નિર્માન ૪. નિઃસ્વાદ ૫.નિઃસ્નેહ. આ પાંચ ત્યાગીનાં વર્તમાન છે.

પ્ર. સ્થાવરતીર્થ એટલે શું ?

ઉ. શ્રીજીમહારાજ અને મોટા મુક્તના સંબંધને પામેલ ભૂમિ, નદી, સરોવર વગેરે સ્થાવરતીર્થ કહેવાય.

પ્ર. જંગમતીર્થ એટલે શું ?

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



ઉ. શ્રીજીમહારાજના સાક્ષાત્ સંબંધવાળા મોટા સત્પુરુષ તે જંગમતીર્થ કહેવાય.

પ્ર. શ્રીજીમહારાજને માટે તથા મૂર્તિના દિવ્ય અવયવને માટે કયા શબ્દો વપરાય ?

ઉ. જન્મ-પ્રાગટ્ય, વાળ-કેશ, ચોટી-શિખા, માથું-મસ્તક, કપાળ-ભાલ, આંખો-નેત્રકમળ, નાક-નાસિકા, મોં-મુખારવિંદ, દાઢી-ચિબુક, ગળું-કંઠ, છાતી-વક્ષઃસ્થળ, હાથ-હસ્તકમળ, પેટ-ઉદર, ડુંટી-નાભિ, પગ-ચરણકમળ વગેરે.

પ્ર. સત્સંગીમાત્રની ઓળખ કઈ ?

ઉ. ૧. તિલક-ચાંદલો ૨. કંઠી.

પ્ર. તિલક-ચાંદલાનો અર્થ શું ?

ઉ. તિલક એ શ્રીજીમહારાજનું સૂચક છે અને ચાંદલો એ અનાદિમુક્તનો સૂચક છે. જેમ તિલકમાં ચાંદલો રહ્યો છે તેમ શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્તો રહ્યા છે. એવી રીતે તિલક-ચાંદલો આપણી ઉપાસનાનું પ્રતીક-સૂચક બતાવનાર છે.

પ્ર. કંઠી બેવડી શા માટે ?

ઉ. શ્રીજીમહારાજ અને અનાદિમુક્ત એમ તત્ત્વ બે છે છતાં તેમની એકતા છે એટલે અનાદિમુક્તો હંમેશાં શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છે તેથી શ્રીજીમહારાજ એક દેખાય છે તેમ કંઠીનાં સરાં બે છે છતાં એક કહેવાય છે.

પ્ર. શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિમંદિર કોણે અને કોની સ્મૃતિમાં બંધાવ્યું છે ?

ઉ. શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્ર પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રીએ પોતાના ગુરુદેવ લાખ્ખોના લાડીલા શ્રી

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપાની પરમ સ્મૃતિમાં ''શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિમંદિર'' બંધાવ્યું છે.

પ્ર. સ્મૃતિમંદિરનું ઉદ્‌ઘાટન કોના શુભહસ્તે અને ક્યારે કરવામાં આવ્યું ?

ઉ. સ્મૃતિમંદિરનું ઉદ્‌ઘાટન આપણા ભારત દેશના તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ માન્યવર ડૉ. શંકરદયાલ શર્માના શુભહસ્તે સંવત ૨૦૪૭ ભાદરવા સુદ સાતમ રવિવાર (તા. ૧૫-૯-૧૯૯૧) ના રોજ કરવામાં આવ્યું.

# સંસ્કાર દીપિકા - ભાગ-૧

## નમૂનાનું પ્રશ્નપત્ર

*(સમય : ૩ કલાક)* *(કુલ ગુણ : ૧૦૦)*

***સૂચના : પાસ થવા માટે ૫૦% ગુણ મેળવવા આવશ્યક છે.***

***પ્ર. ૧ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (ગમે તે દસ) ૧૦***

(૧) આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ કોણ છે ?
(૨) કયો મંત્ર આત્યંતિક મોક્ષદાતા છે ?
(૩) ઘનશ્યામ મહારાજના બાળસખાઓ કોણ હતા?
(૪) ઘનશ્યામ મહારાજે કાશીની વિદ્વત્સભામાં કયા મતનું પ્રતિપાદન કર્યું ?
(૫) સદ્. શ્રી રામાનંદ સ્વામીએ કોની પાસેથી દીક્ષા લીધી ?
(૬) શ્રી નીલકંઠવર્ણીનો સદ્. શ્રી રામાનંદ સ્વામી સાથે સર્વપ્રથમ મેળાપ ક્યાં અને ક્યારે થયો ?
(૭) શ્રી નીલકંઠવર્ણીએ સદ્. શ્રી રામાનંદ સ્વામી પાસેથી મહાદીક્ષા ક્યાં અને ક્યારે ગ્રહણ કરી ?
(૮) શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના ‘સ્વામિનારાયણ’ નામનો પ્રકાશ ક્યાં અને ક્યારે કર્યો ?
(૯) શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ક્યાં અને ક્યારે લખી ?
(૧૦) શ્રી સ્વામિનારાયણ ભગવાને અંતર્ધાન થતાં પહેલાં સત્સંગનું સુકાન કોને સોંપ્યું ?

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

(૧૧) શ્રી સહજાનંદ સ્વામીએ શ્રી રામાનંદ સ્વામી પાસેથી માગેલાં બે વરદાનોનો ઉલ્લેખ કરો.

(૧૨) સ્થાવર તીર્થ એટલે શું ?

***પ્ર-૨ (અ) નીચેની આરતીઓનો શેષ ભાગ પૂર્ણ કરો. (ગમે તે બે)*** ૧૦

(૧) નિત્ય નિત્ય નૌતમ....સુગમ કરી સિદ્ધિ.

(૨) મંગળમુખ કમળ....જાનુ છે ગોળ.

(૩) હરિજન જોડી હાથ....સેવક બલિહારી.

***(બ) નીચેનામાંથી ગમે તે બેનો ઉત્તર લખો.*** ૧૦

(૧) સંધ્યા આરતી લખો.

(૨) શ્રી સ્વામિનારાયણ ભગવાન માટે બોલાતી છડી લખો.

(૩) 'સત્તાવનના ટોળા'નો વિગતવાર ઉલ્લેખ કરો.

***પ્ર-૩ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (ગમે તે દસ)*** ૧૦

(૧) શ્રી અબજી બાપાશ્રીએ કઈ સ્થિતિ પ્રવર્તાવી ?

(૨) સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી બાપાશ્રીને કયા શબ્દથી સંબોધતા ?

(૩) સત્સંગ મહાસભાની સ્થાપના ક્યાં, ક્યારે અને શા માટે કરવામાં આવી ?

(૪) સત્સંગ મહાસભાનું મુખપત્ર કયું ?

(૫) જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ મહાદીક્ષા ક્યારે ગ્રહણ કરી ?

(૬) જીવનપ્રાણ સ્વામીબાપાનું પૂર્વાશ્રમનું નામ શું હતું ?

(૭) પુરુષોત્તમભાઈને કયો ગ્રંથ અતિપ્રિય હતો ?

(૮) નીડર સિદ્ધાંતવાદી સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



સ્વામીબાપાએ સત્સંગનું સુકાન કોને સુપ્રત કર્યું ?

(૯) જીવનપ્રાણ સ્વામીબાપાએ સત્સંગમાં સંગઠન કેળવવા ગામેગામ કયા મંડળની સ્થાપના કરી છે ?

(૧૦) જીવનપ્રાણ સ્વામીબાપાને પચાસ વર્ષ પૂરાં થતાં કયો મહોત્સવ ક્યાં અને ક્યારે ઉજવાયો ?

(૧૧) જંગમ તીર્થ કોને કહેવાય ?

(૧૨) જીવનપ્રાણ સ્વામીબાપાએ શ્રી સ્વામિનારાયણ ગાદીને મૂર્તસ્વરૂપ ક્યાં અને ક્યારે આપ્યું ?

***પ્ર-૪ નીચેનામાંથી ગમે તે બે પ્રાર્થનાઓ પૂરી લખો.*** ૧૦

(૧) પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું.....

(૨) નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય....

(૩) જય ઘનશ્યામ જય જય કરનારા....

***પ્ર-૫ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. (ગમે તે આઠ)*** ૧૬

(૧) આપણી ગુરુપરંપરા વર્ણવો.

(૨) આપણા કારણ સત્સંગમાં કરાતા જયનાદોનો ક્રમ લખો.

(૩) 'વચનામૃત' શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાણીનો સંગ્રહ કોણે કર્યો ?

(૪) રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રંથ ઉપર જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીએ શા આશીર્વાદ આપ્યા છે ?

(૫) ગૃહસ્થનાં પાંચ વર્તમાન કયાં ?

(૬) કંઠી બેવડી શા માટે રખાય છે ?

(૭) શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિમંદિર કોણે અને કોની સ્મૃતિમાં બંધાવ્યું છે ?

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

(૮) શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ દુર્ગપુરમાં શ્રી સહજાનંદ સ્વામીના દર્શનનું કરેલું વર્ણન લખો.

(૯) શ્રી નીલકંઠવર્ણીનો વનવિચરણનો હેતુ શો હતો ?

(૧૦) તિલક-ચાંદલાનો અર્થ સમજાવો.

*પ્ર-૬ 'શ્રી સ્વામિનારાયણસ્તોત્રમ્' ના નીચેના શ્લોકો લખી તેનો ગુજરાતીમાં અનુવાદ કરો. (ગમે તે ત્રણ)* *૧૮*

(૧) ઊર્ધ્વં તથાધો.....

(૨) મનુષ્યરૂપં પ્રતિમા....

(૩) શ્રી સ્વામિનારાયણનામ....

(૪) પ્રત્યક્ષ એવાસ્મિ....

*પ્ર-૭ સૂચના પ્રમાણે લખો.* *૧૬*

*(ક) નીચે 'અ' વિભાગમાં દર્શાવેલ કૃતિ સામે 'આ' વિભાગમાં આપેલા કર્તાનું નામ લખો.* *૪*

| અ | આ |
|---|---|
| ૧. હરિજ્ઞાનામૃત કાવ્ય | ૧. સદ્ શ્રી પ્રેમાનંદ સ્વામી |
| ૨. જમો થાળ જીવન | ૨. શ્રી અબજી બાપાશ્રી |
| ૩. નિર્વિકલ્પ ઉત્તમ અતિ | ૩. સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી |
| ૪. રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા | ૪. સદ્. શ્રી ભૂમાનંદ સ્વામી |
| | ૫. આદ્ય આચાર્યપ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપા |

*(ખ) નીચે 'અ' વિભાગમાં દર્શાવેલા કર્તાને 'આ' વિભાગમાં આપેલા કાર્ય સાથે જોડો.* *૪*

| અ | આ |
|---|---|
| ૧. શ્રી નીલકંઠવર્ણી | ૧. સત્સંગ મહાસભાની સ્થાપના કરી. |
| ૨. સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી | ૨. શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્મૃતિમંદિર બંધાવ્યું. |
| ૩. શ્રી અબજીબાપાશ્રી | ૩. લોજમાં ભાઈઓ તથા બહેનોની સભા અલગ કરાવી. |
| ૪. શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી | ૪. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીબાપાને બંને દેશના ઉપરી કર્યા. |
| | ૫. સત્સંગનું સુકાન સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીબાપાને સુપ્રત કર્યું. |

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar



*(ગ) નીચે 'અ' વિભાગમાં દર્શાવેલા પ્રસંગોને 'આ' વિભાગમાં આપેલા સમય અને સ્થળ સાથે જોડો.* *૪*

| અ | આ |
|---|---|
| ૧. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્ય | ૧. ખેડા : સંવત ૧૯૬૩ |
| ૨. શ્રી અબજીબાપાશ્રીનું પ્રાગટ્ય | ૨. છપૈયા : સંવત ૧૮૩૭ |
| ૩. શ્રી મુક્તજીવન સ્વામીબાપાનું પ્રાગટ્ય | ૩. વૃષપુર : સંવત ૧૯૦૧ |
| ૪. આચાર્ય શ્રી પુરુષોત્તમ-પ્રિયદાસજી સ્વામીશ્રીનું પ્રાગટ્ય | ૪. અસલાલી : સંવત ૧૯૨૩ |
| | ૫. ભારાસર : સંવત ૧૯૯૮ |

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar

*(ઘ) નીચે 'અ' વિભાગમાં આપેલ ગુજરાતી કૃતિની સામે 'આ' વિભાગમાં આપેલ પ્રકાર સાથે જોડો.* ૪

| અ | આ |
|---|---|
| ૧. પુરુષોત્તમરૂપ થઈ ધ્યાન કરવું. | ૧. આરતી |
| ૨. જય સ્વામીબાપા વ્હાલા | ૨. ધૂન |
| ૩.આવ્યા અક્ષરધામના આ રાજા | ૩. પ્રાર્થના |
| ૪. રામકૃષ્ણ ગોવિંદ | ૪. થાળ |
| | ૫. શ્લોક |

© Copyright 2002, Shree Swaminarayan Gadi Sansthan Maninagar